## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

શાન ન ઇસ કી જાને ન પાયે
ચાહે જાન ભલે હી જાયે
વિશ્વ વિજય કર કે દિખલાયેં
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા
ઝંડા ઉંચા રહે હમારા..!

- શ્યામલાલ ગુપ્ત 'પાર્ષદ'

### પાથેય

- રમેશ ઠક્કર

## ઝંડા ઊંચા રહે હમારા...

કહેવાય છે કે દરેક માણસમાં પોતાની જન્મભૂમિ માટે જન્મજાત લગાવ હોય છે.એ પોતાની ધરતીને ચાહે છે..દેશપ્રેમ એ પણ માતૃપ્રેમ જેનો એક ઉત્કૃષ્ટ ભાવ છે.શહેરમાં રહેતો કોઈ શ્રીમંત હોય કે દૂર ગામડામાં વસવાટ કરતો કોઈ ભોળો ગ્રામ્યજન દેશભક્તિ એના લોહીમાં આપોઆપ વહેતી હોય છે.કવિ, પ્રેમી અને દેશભક્ત જન્મતા હોય છે..એ માટે કોઈ શિક્ષણ કે તાલીમ ના હોય..આપણો દેશ આવા અનેક ગૌરવશાળી દેશભક્તોની પૂણ્યભૂમિ છે..નાનપણમાં અમારા નાનકડા ગામની એક ઓરડાની શાળામાં જયારે ધ્વજવંદન થતું ત્યારે સમૂહમાં ગવાતું ઝંડા ઉંચા રહે હમારા..એક ગજબ ખુમારીનો અનુભવ કરાવતું..

આપણે જગતની સૌથી મોટી લોકશાહી છીએ..આપણું બંધારણ એ એનો પ્રાણ છે.ગણતંત્ર દિવસની એક ભવ્ય પરંપરા છે..સ્કૂલ,કોલેજ સહિત અનેક જાહેર કાર્યક્રમો થકી એની ઉજવણી થતી રહે છે..પંદરમી ઓગસ્ટ એ આપણો આઝાદી દિવસ છે..અત્યારે 'આઝાદી કાર્યક્રમ અમૃત મહોત્સવ ' એ નામે વિવિધ પ્રકારે ઉજવણી પણ ચાલી રહી છે..છવ્વીસ જાન્યુઆરી એ ભારતનો બંધારણીય દિવસ છે..એ દિવસે ભારતનું સંવિધાન અમલમાં આવેલું..આ બંને આપણા સૌથી મહત્વના રાષ્ટ્રીય તહેવારો છે..લોકો સ્વયંભૂ એમાં જોડાય છે..ધ્વજવંદન કરે છે..લોકોમાં દેશપ્રેમ સહજ હોય છે.

બંધારણના આમુખમાં લખેલું છે એમ એ દિવસથી આપણે પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યા છીએ.. પ્રજાસત્તાક એટલે ? ' જે રાજ્યના વડાનો હોદ્દો વંશપરંપરાગત રીતે ભરવામાં ન આવતો હોય તેને પ્રજાસત્તાક/ગણતંત્ર રાજ્ય કહેવાય..એમાં રાજનૈતિક સાર્વભૌમત્વ લોકોનું હોય..કોઈ વિશેષાધિકાર ધરાવતો વર્ગ ના હોય..અને તમામ જાહેર હોદ્દાઓ દરેક નાગરિક માટે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર ખુલ્લા મુકાયા હોય..' આપણો દેશ અનેક વરસોની યાતના અવહેલના અને સંઘર્ષો પછી ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ પ્રજાસત્તાક દેશ બન્યો..એ આપણા ઈતિહાસનું ગૌરવશાળી પ્રકરણ છે.

આપણે 'વિવિધતામાં એકતા ' શબ્દો વારંવાર સાંભળીએ છીએ.એ આપણી ઓળખ પણ છે.ખરેખર એ શું છે ? ભારતમાં એનો અર્થ એ છે કે આપણે ત્યાં ધર્મ, જાતિ,રીતરિવાજ, પહેરવેશ,ભાષા..એમ દરેકમાં પારાવાર વૈવિધ્ય છે..છતાં એ બધાની વચ્ચે ભારતીય તરીકેની આપણી જે ઓળખ છે એ એકસમાન છે..આટલા વિશાળ દેશમાં આપણને એકતાની દોરથી બાંધી રાખનાર જે ચીજ છે એ આપણો દેશપ્રેમ છે..રાષ્ટ્રીય તહેવારો અને એનો ઉમંગ આપણી એ ઉર્મિઓના થડકાર જેવો હોય છે..આ તહેવારો આપણને એ શીખવે છે વિવિધતા વચ્ચે પણ 'એક ભારત નેક ભારત'ના મંત્ર સાથે આપણે સાથે જીવવાનું છે.લોકશાહીનો સૌથી મહત્વનો ગુણ છે અન્યના વિચારને પણ આદર આપવો.ગાંધીજી કહેતા કે 'આપણે જો બીજા પક્ષને સાંભળવા તૈયાર જ ના હોઈએ તો લોકશાહીની ઉત્ક્રાંતિ શક્ય જ નથી..'નાગરિક માત્રની સમાનતા એ જેમનો જીવનમંત્ર હતો એવા ડૉ.બાબાસાહેબ આંબેડકર બંધારણના ઘડવૈયા હતા..કાયદાનું શાસન એ આપણા બંધારણનો આદર્શ છે.સદીઓની ગુલામી અને પરતંત્રતા પછી આઝાદીનો સૂર્ય ઉગ્યો હતો..આપણા માટે એ આઝાદીની ટકાવી રાખવી એ જ મોટી ચિંતા હતી..બંધારણના ઘડવૈયાઓએ અથાક પરિશ્રમ અને પ્રચંડ પુરુષાર્થ થકી જગતના મહાન દસ્તાવેજ જેવું બંધારણ ઘડી આપણી સ્વતંત્રતાને અખંડ રાખવા માટેની એક જબરજસ્ત વ્યવસ્થા આપી..ગણતંત્ર દિવસે એ પુણ્યશાળી પૂર્વજોને આપણે પ્રેમપૂર્વક યાદ કરીએ એ આપણી ફરજ છે.

લોકશાહી એટલે લોકોનું લોકો માટે અને લોકો થકી ચાલતું તંત્ર..એમાં દેશના તમામ નાગરિકોને સમાન ગણી એમના વિકાસ અને માનવીય ગૌરવ માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે..લોકોને મુળભુત અધિકારો આપવામાં આવ્યા છે.એના જતન માટે કાનૂની ઉપાયો અને સ્વતંત્ર ન્યાયાલયો છે..લોકશાહી આપણને ઘણું આપે છે. સામા પક્ષે નાગરિક તરીકે આપણી તરફથી કેટલીક ફરજો પણ અપેક્ષિત છે..કોઈકે સાચું કહયું છે કે 'દેશ તમારા માટે શું કરે છે એ ના વિચારો તમે દેશ માટે શું પ્રદાન કરો છો એ બાબત મહત્વની છે'.આજના ગણતંત્ર દિવસે જો આપણા દેશને કોઈ તાતી જરૂરિયાત હોય તો એ છે નાગરિક ધર્મની..દેશનો પ્રત્યેક નાગરિક જો પોતાના ભાગે આવતી જવાબદારી જો દેશપ્રેમની રીતે નિભાવે તો વિવિધતામાં દીપી ઉઠતી આપણી એકતા વિશ્વ માટે પણ પથદર્શક બની શકશે...

# વ્યૂહાત્મક રાજકીય અભિગમ અનિવાર્ય

તંત્રીસ્થાનેથી...

આજે દેશના ગણતંત્ર પર્વે પણ વિશ્વવ્યાપી મહામારીની જ વાત માંડવી પડે તે ગમે તો નહીં, છતાં એક કઠોર વાસ્તવ સામે આંખમિચામણાં કરવાં પણ ઉચિત નથી. મહામારી સંદર્ભે દુનિયાની ચિંતા કરનારા ડબલ્યુ.એચ.ઓ.ના વડાએ ફરી એકવાર ટકોર કરી છે કે ઓમિક્રોનને કોરોનાનો અંતિમ અધ્યાય માનવાની ભૂલ કરવા જેવી નથી. હજી નવા વેરિયંટ આવી શકે છે. ભારતમાં જ એક નવો વેરિયંટ દેખાયો છે. આફ્રિકાની ગરીબ પ્રજામાં બહુ જ ઓછું રસીકરણ થયું છે. જયાં સુધી દુનિયાની સિત્તેર ટકા પ્રજાને રસી નહીં મળી રહે ત્યાં સુધી મહામારીને નાથી શકાશે નહીં. ઓમિક્રોનની ઘાતક ક્ષમતા ઓછી છે એ બદલ પ્રભુનો પાડ માનવો રહ્યો. નહીંતર ડેલ્ટા વેરિયંટની સરખામણીમાં એની ફેલાવાની શક્તિ તો ઘણી વધારે છે. દુનિયાના ઘણા દેશોમાં અને ભારતમાં એણે સપાટો બોલાવી દીધો છે પરંતુ મૃત્યુ આંક એટલો નીચે રહ્યો છે કે લોકો એને અળગણવા લાગ્યા છે. કોરોના પ્રોટોકોલથી આખી માનવજાત ત્રાસી ગઈ છે. એથી સરકાર ગમે તેટલા પ્રતિબંધ મૂકે છે પણ જનતા તો બેફામ બનીને એની ઓરિજિનલ ગતમાં આવી ગઈ છે. ભારતમાં ચૂંટણી ટાણે જ મુકાયેલ રેલીઓમાં પ્રતિબંધને વિપક્ષો સરકારની સાજિશ ગણવા લાગ્યા છે. ચૂંટણીપંચને ખીસામાં રાખીને શાસન ચલાવતી કેન્દ્ર સરકારના મોવડીઓ સમયસર ચૂંટણી રેલીઓ કરી દઈ નિરાંત અનુભવે છે અને વિપક્ષો ઊંઘતા ઝડપાયા છે. ઉંદર બિલાડીની આ રમતમાં આખરી સ્મિત તો બિલાડીના જ કિસ્મતમાં લખાયેલું હોય. ઈવીએમ સહિતના ઉપાયો કરવામાં 'બિલાડી દા કોઈ જવાબ નહીં !' ખેર, કહેવાય પ્રજાની સત્તા, વાસ્તવમાં સત્તા તો સત્તાધારી રાજકીય પાર્ટીની જ રહે છે. નહેરુ-ઈંદિરા પછી હવે એ નરેન્દ્ર મોદી હસ્તક આવી છે અને પ્રશાંત કિશોર જેવા ચૂંટણી વ્યૂહકાર જાણે છે કે કોંગ્રેસ કે વિપક્ષો ગમે તેટલું જોર કાઢશે તોય આ ફેક્ટર વર્ષો સુધી ભારતીય રાજકારણ પર હાવી રહેવાનો છે. દરમિયાન યુક્રેન અને રશિયા વચ્ચેનો તણાવ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. યુક્રેન એક સમયે યુએસએસઆર - સોવિયેત રિપબ્લિકનો ભાગ હતું. રશિયન નેતા ગોર્બાચોવની ઉદાત્ત વૈશ્વિક નીતિને પરિણામે એ સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું છે પણ રશિયા ત્યાં પોતાના પિઠ્ઠુ જ શાસન કરે એમ ઈચ્છે છે. અમેરિકાએ ચતુરાઈપૂર્વક સોવિયત રશિયાને ખંડિત કરી નાખીને એને સાંપડેલી મહાસત્તાની ઓળખ ભૂંસી નાખી હતી. એ ડંખ રશિયાના સવોચ્ચ નેતા પુનિત વીસરી શકતા નથી. એમને યુક્રેન સામે તોપો તાકી છે એથી અમેરિકા ગિન્નાયુ છે. યુરોપનાં મિત્ર રાષ્ટ્રો પણ યુક્રેનની સંપ્રભુતા પર રશિયાનો હસ્તક્ષેપ સહન કરવા તૈયાર નથી. રશિયા યુક્રેનને બગલબચ્ચું બનાવી દેવા કૃતસંકલ્પ છે. એમાં એને ચીનનો પણ છૂપો સહકાર મળી રહે એમ છે. અમેરિકાને પડકારવાના મુદ્દે બેઉ પાડોશી રાષ્ટ્રો યુદ્ધની સ્થિતિમાં એક થઈ જાય એવી શક્યતા છે. અમેરિકાના વયોવૃદ્ધ રાષ્ટ્રપતિએ યુક્રેનને લશ્કરી સહાયની ખેપો મોકલી આપી છે અને યુક્રેનની સરહદો પર આવેલ યુરોપના દેશોમાં સૈનિકો રવાના કર્યા છે. સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ભારત માટે વર્તમાન ત્રણે મહાસત્તાઓ અમેરિકા, ચીન અને રશિયા સાથે ડિપ્લોમેટિક સંબંધો ટકાવી રાખવા જરૂરી છે. એથી જ કદાચ ચીને ભારતીય સરહદમાં બાંધકામ શરૂ કરી દીધું હોવા છતાં મોદીએ ચુપકીદી સાધેલી છે.

## દેશના યુવાનોમાં જ્યાં સુધી આવી દેશદાઝ છે ત્યાં સુધી આ દેશને વિશ્વ ગુરુ બનતાં કોઈ રોકી નહી શકે...



નવાં કલેવર

નટવર હેડાઉ

૨૬, જાન્યુઆરી નો પ્રજાસત્તાક પર્વ નો દિવસ હતો.તેના માટે આજ ના દિવસ નું ખુબ મહત્વ હતું તેને પિતા ની યાદ આવી. ઈ.સ ૧૯૭૧ ના ભારત-પાક યુધ્ધ ના એ દિવસો, સરહદી બનાસકાંઠા ના અંતરીયાળ કચ્છ ના રણ ની કાંધી એ આવેલ સાંતલપુર તાલુકા નું વારાહી ગામ.સાંજ થતાં જ અંધારપટ છવાઈ જાય.કાન ફાડી નાખે તેવા અવાજો કરતાં મીગ,સુપર સોનીક વિમાનો નો કાફલો ધસી આવે ત્યારે શ્વાસ થંભી જાય અને હદય ધબકારો ચુકી જાય ,આંખો અંજાઈ જાય એવી સર્ચ લાઈટ નો ઝબકારો થતાં ભલભલા નું શરીર કંપી જાય એવો કપરો સમય હતો. લશ્કર માટે દારુગોળો, અસ્ત્ર શસ્ત્રો અને ખાદ્ય પુરવઠો પહોંચાડનારી ધોરી નસ સમાન એક માત્ર રેલ્વે લાઈન આ વિસ્તાર માંથી પસાર થાય તેને જો તોડી નાંખવા માં આવે તો પાકિસ્તાન ને હાથવેંત માં પોતાની જીત દેખાય એ સ્વાભાવિક હતું.તેવા સમયે આ રેલવે લાઈન ને સાચવવા અને બચાવવા ની જવાબદારી વારાહી થાણા ના પોલીસ અમલદાર ઈશ્વર લાલ જોશી ને સોંપાઈ હતી.સાથે ચાર સિપાઈઓ ને લઈ આકાશી આફત સામે રાત દિવસ ઝઝુમે તેમાં એક રાતે ત્રણ વિમાનો એકસામટાં ખુબ નીચે થી પસાર થયાં તેમાં થી સર્ચ લાઈટ ફેંકાતાં રેલ્વે ના પાટા વિજળી ના તેજ લીસોટા જેવા ચમકી ઉઠયા..એટલે ઈશ્વર લાલ સાબદા થઈ ગયા.વિમાનો નીચે આવી બોમ્બ ફેંકે એટલે મોત નક્કી જ હતું. ફરી વિમાનો પાછાં આવે ત્યારે તેના પર ગોળીબાર કરવાનો પાકો મનસુબો કરી સચોટ નિશાન લેવા માટે ધ્વની પર થી અંદાજ લગાવવા નો હતો.રાતના અંધકાર અને વાયુ વેગે આવતા દુશ્મન ના વિમાનો પર ત્રાટકવાનું કંઈ સહેલું ન હતું પણ આ બહાદુર બંકા એ મજબુત મનોબળ થી દુશ્મન ને મહાત કરવા નું નક્કી કરી લીધેલું તેમાં મીનમેખ કઇ રીતે થાય.

વિમાનોપરત આવતા હુમલા ને ઈરાદે ખુબ નીચે આવતાં જ ઈશ્વર લાલ તૈયાર જ હતા.તેમણે જરાય વિલંબ ન કર્યો ધડામ..ધડામ ગોળીબાર થયો ને દુશ્મન નાં વિમાનો હુમલો કર્યા વગર જ ઉભી પૂંછડી એ ભાગ્યાં તો પણ એક વિમાન ને ગોળી વાગી જ ગઈ અને તે પોતાના દેશ ના એક ગામડા પર પડયું.

યુધ્ધ પુરુ થયા બાદ પાલનપુર ડી. એસ.પી. ને દિલ્હી થી સંદેશો મલ્યો.વારાહી પાસે થી પસાર થતી રેલ્વે લાઈન ને બચાવવા નું અને દુશ્મન ના વિમાન ને જમીન દોસ્ત કરવાનું બહાદુરીભર્યું કામ કરનાર જવાંમર્દ નું નામ મોકલો.

તે હતા.પોલીસ અમલદાર ઈશ્વર લાલ જોષી. રાષ્ટ્રપતિ ના હસ્તે તેમનું સમર સેવા ચંદ્રક થી બહુમાન થયું. આજે પરેડ જોઈ નયન ને પિતાની યાદ આવી ગઈ. તેણે કબાટ માં સાચવી મુકી રાખેલો ચંદ્રક કાઢી જોવા લાગ્યો.

તેનો ચમકાટ હજુ એવો ને એવો જ છે નયન ને પોતે એક પ્રતિભાશાળી પિતા નો પુત્રહોવા નો ગર્વ થયો જેણે પોતા ના જાન ની પરવા કર્યાવિના દેશ ને ખાતર એક એવું સાહસ કર્યું જેની વાત કરનાર ને પણ ગર્વઅનુભવાય દેશ ભક્તિ નો માહોલ આજે પણ એવો જ છે. દેશ માં કોરોના ની ત્રીજી લહેર તરખાટ મચાવી રહી છે ત્યારે સંક્રમિત થતા હોવા છતાંય અનેક પોલીસ કર્મચારીઓ, ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ કોરોના વોરિયર્સ તરીકે જે સેવા કરી રહ્યા છે તે પણ રણ મોરચે લડતા સૈનિકો ની બહાદુરી થી જરાય કમ નથી. નયન વિચાર કરતો હતો ત્યાં તેનો ફોન રણકયો ટ્રીન...ટ્રીન...તેણે ફોન ઉપાડ્યો ઈમરજન્સી સેવા માં જવાનું હોવાથી તે તૈયાર થઈ નીકળી પડ્યો. દેશ ના યુવાનો માં જ્યાં સુધી આવી દેશદાઝ છે. ત્યાં સુધી આ દેશ ને વિશ્વ ગુરુ બનતાં કોઈ રોકી નહી શકે..

### દિન મહિમા

- પ્રજાસત્તાક દિન : આ દિવસે ઈ.સ. ૧૯૫૦માં ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું અને ભારત બ્રિટિશ વાલીપણા હેઠળના દેશમાંથી સંપૂર્ણ પ્રજાસત્તાક દેશ બન્યો હતો.
- ૨૦૦૧ માં ગુજરાતમાં તીવ્ર ભૂકંપ અને વિનાશ સર્જાયો હતો.
- કલાપી ગુજરાતી લેખકનો જન્મ

આજનું
### ઔષધ

- ત્રણ ચમચી અર્જુનારીષ્ટ સવાર-સાંજ લેવાથી હૃદયરોગ મટે છે.

### ખડખડાટ

- શિક્ષક : fox નું બહુવચન શું થાય ?
વિદ્યાર્થી : winter
શિક્ષક : ફૉક્સ એટલે શિયાળ
વિદ્યાર્થી : winter એટલે શિયાળો..!

આજનો
### વોટ્સએપ

- જ્યાં સુધી તમે મેદાન છોડીને ના જાવ ત્યાં સુધી તમને કોઈ હરાવી નથી શકતું.

# 'શાર્ક ટેન્ક' - વ્યવસાયલક્ષી મનોરંજનનો કાર્યક્રમ



મન-રંજન

દ્વનિલ પારેખ

અત્યારે વિવિધ ચેનલ્સ પર જે પ્રકારના કાર્યક્રમો આવે છે એમાં મોટા ભાગના કાર્યક્રમો કે ધારાવાહિક કે સામાજીક અને સાસુ-વહુની લડાઈ, ચમત્કાર, ભૂત-પ્રેત, ધાર્મિક કે પૌરાણિક વિષયોને લગતા હોય કે શનિવાર અને રવિવારે આવતાં સંગીત કે ટેલેન્ટ હન્ટના કાર્યક્રમોમાં પણ હવે કશું નવું આવતું નથી. ટેલેન્ટ હન્ટના નામે શ્વાસ અદ્ધર કરી દે એવા કરતબો જોવા મળે છે. આ પ્રકારની સ્થિતિમાં કશુંક નવું જોવા-જાણવાની ઈચ્છા ધરાવનાર માટે 'શાર્ક ટેન્ક' કાર્યક્રમ જોઈ શકાય એમ છે.

આમ તો આ કાર્યક્રમ વ્યવસાયને લગતો છે. કોમર્સમાં કે બિઝનેસમાં જેને રસ પડતો હોય એ લોકો આ કાર્યક્રમ વધુ સારી રીતે માણી શકે એમ છે. 'આંત્રપ્રિન્યોરશીપ' આ શબ્દ પહેલા બહું જાણીતો નહોતો કે 'સ્ટાર્ટઅપ' ઈન્ડિયા જેવો શબ્દ પણ બહુ પ્રચલિત નહોતો પણ ધીમે ધીમે 'સ્ટાટઅપ' શબ્દ પ્રચલિત થયો અને હવે નાના-મોટા વ્યવસાયો એ અંતર્ગત ચાલે છે. વ્યવસાયના મંત્રે કશુંક નવીન કરવા લાગતા હોય એમને માટે 'શાર્ક ટેન્ક' કાર્યક્રમ રસપ્રદ બની રહે એમ છે. આ પણ છે તો એક 'રિયાલિટી શો' જ પણ અહીં અણધાર્યા વળાંકો કે ચમત્કાર કે શ્વાસ અદ્ધર કરી દે એવું કશું જ નથી છતાં એ જોવામાં રસ શા માટે પડે છે ? કહેવાનું સ્થૂળ મનોરંજન પણ આ કાર્યક્રમમાં નથી કે નથી એવું કશું ગ્લેમરનું તત્વ પણ એક કલાકનો આ કાર્યક્રમ એની રજૂઆત અને એકદમ ચોક્કસ દૃષ્ટિકોણને કારણે જુદો તરી આવે છે.

આજથી દસ વર્ષ પહેલા 'લેન્સ કાર્ટ', 'શાદી ડોટ કોમ', 'સુગમ કોસ્મેઈટક્સ, 'બોટ', 'ભારત' વગેરેના નામથી આપણે જાણતા નહોતા પણ હવે આ નામો એક બ્રાન્ડ બની ગયા છે. આ બ્રાન્ડના અધિકારીઓ આ કાર્યક્રમમાં તટસ્થ રીતે નવા આઈડિયાઝ લઈને આવનારા લોકોનું મૂલ્યાંકન કરે છે. નવો આઈડિયા લઈને આવનાર વ્યક્તિને એ આઈડિયા કેવી રીતે આવ્યો, અત્યારે એના વ્યવસાયની હાલત કેવી છે, કોરોનાકાળમાં વ્યવસાય કેવી રીતે ચલાવ્યો, જે તે વ્યક્તિ કેટલો નફો કરે છે, એના વ્યવસાયમાં કેટલા સુધારા જરૂરી છે, એનું માર્કેટિંગ કેવી રીતે થઈ શકે વગેરે પ્રશ્નો દ્વારા ઝીણવટપૂર્વક છણાવટ કરવામાં આવે છે. આવનાર વ્યક્તિ કે જૂથના આઈડિયામાં રસ પડે છે એ અધિકારી પછી એને ઓફર આપે છે વધારે રોકાણ માટે અને એના નફામાં કેટલી ભાગીદારી રહેશે એ પણ જણાવે છે. સામે પેલી વ્યક્તિને એ ઓફર પસંદ આવે તો બંને વચ્ચે ડીલ થાય છે અથવા વ્યક્તિ પોતે સામે બીજી ઓફર આપે છે. આમ, સાદી ભાષામાં કહીએ તો અધિકારી અને વ્યક્તિ વચ્ચે ભાવ-તાલ થાય છે અને પછી કોઈ એક બિંદુએ બંને વચ્ચે ડીલ નક્કી થાય છે. હા, બધા જ આઈડિયાઝની ડીલ નક્કી થાય છે એવું પણ નથી, અસ્વીકાર પણ થાય છે. એકદમ કડક શબ્દોમાં આવનાર વ્યક્તિને ન ગમે એવા શબ્દોમાં એની પ્રોડક્ટ અને આઈડિયાને નકારવામાં પણ આવે છે.

ટૂંકમાં, ગ્લેમર વગર અને વ્યવસાયમાં જેને સમજ છે અથવા જે વ્યાવસાયિક સમજ કેળવવા માગે છે અને આગળ વધવા માગે છે એમના માટે 'શાર્ક ટેન્ક' એક મનોરંજનની સાથે સાથે કશુંક નવું જાણવાનો કાર્યક્રમ ચોક્કસ છે. અહીં કહેવાની જરૂર છે કે આ કાર્યક્રમ પણ વિદેશના કાર્યક્રમથી પ્રેરિત છે!

# 'પારિવારિક પ્રશ્નોની જડીબુટ્ટી શોધવામાં જિંદગી આખી નીકળે, અને મળી જો જાય તો વગર પીધે ઈલાજ મળે એમ પણ બને'...



એમ પણ બને...

પારૂલ અમિત

કેટ કેટલાં પ્રશ્નો અને ઉથલપાથલ છે આપણાં જીવન માં.

દરેક એવાં નાના નાના કામ કરવામાં આપણે સંઘર્ષ કરતાં હોઈએ છીએ.

અને આજ રોજ બરોજના કામ બીજા જીવ, હા માનવ જાતિ સિવાયના બીજા જીવ જે એ દરેક પ્રકિયામાંથી પસાર થાય છે આસાનીથી જે આપણે પણ કરીએ છીએ , પણ સંઘર્ષ અને તણાવ થી.

રોજ ઉઠવું, સુઈ જવું, રહેઠાણ, પાણી, ખોરાક અને બાળકો.

આ બધી પ્રકિયા પશુ પક્ષી અને બીજા સાવ નાના કદના જીવ પણ કરે છે.

જીવે છે, મરે છે અને અને આ પૃથ્વી ગ્રહ આવ્યાનો આનંદ ઉઠાવે છે. પણ આપણી પાસે માત્ર આ બધી પ્રકિયા માટે સંઘર્ષ અને ગુસ્સો છે. ક્યાંક ખુશીઓ રહી જ નથી.

શા માટે જોડે રહીને પણ આપણે પક્ષીઓ જેમ આનંદ ઉઠાવી શકતા નથી. એમ પણ બને કે આપણે આખી જિંદગી જે સંઘર્ષ કરી મેળવી લઈએ એ મળ્યા પછી આપણે આનંદ ઉઠવવા આપણે રહીએ પણ નહિ. તો શા માટે રોજ બરોજની ક્રિયામાં આપણે આનંદ ઉઠાવતા નથી. આપણને સલાહ જોઈએ છે. ક્યારેય જોયું પક્ષીઓ એ ટ્રેનીંગ લીધી હોય, એક્સ્ટ્રા ક્લાસ કર્યા હોય.

બસ એતો સાથે લઈને ક્રમ બધ્ધ ઉડાન ભરે છે, આકાશમાં. અને એક પાછળ એક બધાં જાણે કોઈ ડિઝાઈન બનાવતા હોય એમ ઉડ્યા કરતાં હોય છે પોતાની મસ્તીમાં.

એમને કોણ સલાહ આપતું હશે કે આમ ઉડો, પહેલા ડાબી પાંખ પછી જમણી, સામે જોઈ રહો. સીધા. નીચે કેમ જોવાનું નહી.

શું સલાહ કામ આવે? આપણે સૌ સલાહ આપવામાં માહિર હોઈએ છીએ.

આપણે આપણા મનની વાત સાંભળતા જ નથી. બીજાં કહે, એમ કરવાનું.

એમ પણ બને કે તમને જે સલાહ આપે છે, એ પણ બીજાની સલાહ થી ચાલતાં હોય.

સારી નસરી પરિસ્થિતિ આપણે ઊભી કરીએ છીએ.

પણ છતાં, પરિસ્થિતિ જેના પણ હાવી હોય એ જ જાણે.

સલાહ આપનાર આપીને જતા રહે છે, અમુક વાર મોટાભાગની સલાહ વાહિયાત જ હોય છે.

ખાસ કરીને દોસ્તો દ્વારા આપવામાં આવતી સલાહ ટોપ લેવલની હોતી નથી. પણ ઉપયોગી જરૂર નીવડી જાય છે.

બે ઘડી રિયલ પ્રોબ્લેમ ભૂલવાડનારી.

પ્રશ્નો કેટલા ઉદ્ભવે છે જીવનમાં.

અને જવાબ આપણી આસપાસ જ હોય છે, આપણી પાસે અથવા આપણામાંથી કોઈક પાસે હશે જ.

દિનપ્રતિદિન આપણું જીવન યંત્રવત્ બની રહ્યું છે. થોડી થોડી વાતમાં ખુશી તો થોડીવારમાં મૂડલેસ થઈ જવાય છે.આમ જોવા જઈએ તો નાની નાની વાતે આપણને ગૂગલ સર્ચ કરવાનું મન થાય છે.

પરતું ગૂગલ દરેક સમસ્યાનો જવાબ નથી.

સમસ્યા એટલે શું?

જો પરિસ્થિતિ આપણી મરજી મુજબની ના હોય તો સમસ્યા કહેવાય..સાચું ને...

તો પરિસ્થિતિ આપણી મરજી મુજબ સર્જાય એ માટે શું કરવું?

શુ આ શકય છે?ના બિલકુલ નહીં.

તો શું કરી શકાય?

શું આપણે પ્રશ્નો પૂછીને જવાબ મેળવી શકીએ એકબીજાના હમદર્દ બની શકીએ.

શું સુખ, ચેન હાથવગુ જ છે.

To forgive is super - human

તો પોતાના માટે શું? બધું જતું જ કરવાનું?

આવો ઘૂંટાઈને જીવ્યા કરતા આપણે પ્રશ્નો પૂછીએ અને જવાબ મેળવીએ એકબીજા થકી. ચાલો નક્કી કરીએ અને જડી બુટ્ટી મેળવીએ.

પણ ક્યાંથી. આપણી આસપાસ થી. દરેક પ્રશ્નનો જવાબ આપણી વચ્ચે, આપણી આસપાસ જ હોય છે. આ પશુ પક્ષી આપણને ઘણું શીખવાડી જાય છે. સંધર્ષ કર્યા વગર એ દરેક ક્રિયા કરે છે, જે આપણે પણ કરીએ છીએ.

આપણી એમની જેમ ટોળામાં રહી શકતાં નથી. અને આપણી સાથે રહેતા સભ્યોના વિચારો એક સરખા હોતા નથી.

આપણા વિચારો બધા અપનાવે એવું આપણે ઈચ્છીએ છીએ. તો સામેવાળા પણ એવું જ વિચારતા હશે ને.

બધાં ને બધું જ શ્રેષ્ઠ જોઈએ છે. જોમાત્ર સારી જ વસ્તુથી જ જીવનનો આનંદ મળતો હોત તો પ્રભુ કારાવાસમાં કેમ જન્મ લેત? એમની પાસે મહેલ હતો જ .એ પરિસ્થિતિ પલટાવી શકયા હોત. એમને કોણ રોકવાનું હતું?

પ્રભુ મોડા જન્મી શક્યા હોત...
અથવા સમયને રોકી શક્યા હોત. બધું એમના હાથમાં હતું ને. પરંતુ એક ચોક્કસ ધ્યેય માટે.

અમુક સવાલોના ચોક્કસ, સચોટ જવાબ માટે જ.

શ્રી રામ ચૌદ વર્ષનો વનવાસ કેમ સ્વીકારત?

સવારે તો રાજગાદી જ મળવાની હતી. અહીંયા પણ પ્રભુ સમયને રોકી શક્યા હોત..

આપણને તો સરકારી નોકરીમાં બદલી આવવાની છે.,નજીક જ રહેવું છે. આટલી મોટી પૃથ્વીમાં આપણે જાતે જ અમુક જગ્યા પોતાના માટે રિઝર્વ કરી દીધી.

શા માટે આખી દુનિયા ખુંદવી નથી.અલગ જગ્યા, અલગ માહોલ, અલગ ખાવાનું અલગ ભાષા, અલગ પહેરવેશ.

કેટલી મજા આવે, પણ આપણને એક જ બીબામાં ઢળેલા રહેવું છે.

આનંદ ક્યાંથી મળે એ જોવું જ નથી.

જાણે આપણે તો ઉત્તમ જીવ છીએ. એટલે આ કુંડાળામાંથી ખસેડવામાં આવે નહીં એવી પ્રાર્થના શરૂ કરી દઈશું. અને એ પણ પ્રભુને જેઓએ પોતે જ કેટલી જગ્યા બદલી છે.

મથુરા, દ્વારકા, ગોકુળ, વૃંદાવન.... હસ્તિનાપુર..

આ બધું માનવીને પોતાના હાર્દ અને મૂલ્યો સમજાવવા કર્યું.

આટલું બધું પૃથ્વી ગ્રહ પર આવી ભજવ્યું વ્યર્થ?શા માટે આપણે સમજી શકતા નથી, પ્રશ્નો ખુદને પૂછવાની હિંમત કેમ નથી કરતા?

જીવનનું મૂલ્ય સમજવા માટે કે લોકોને સમજાવવા માટે સમય સાથે જીવવું પડે છે, આ સમય માંથી પસાર થવું પડે છે. આપણા ધાર્મિક ગ્રંથો આજ શીખવાડે છે આપણને. અને આ પશુ પક્ષીઓ પણ.

આપણા જીવન કાળ દરમિયાન ઘણાં કંસ અને મંથરા આવશે જીવનમાં...

પરંતુ આપણે સમયને માત્ર પસાર થવા દેવાનો છે, જીવનનો હાર્દ સમજવા.

રોજ સૂર્યોદય એટલું જ કહેવા આવે છે કે અંધકારમાં શાંત રહ્યા, વેરી ગુડ..બસ આમજ શાંતિ જાળવી રાખો પ્રકાશ જરૂર આવશે. સમય થવા દો .

સૂર્યને બોલતા સાંભળયો છે? તો ઉઠો સવારે વહેલાં અને કુદરત પાસે સમય પસાર કરો. કેટલાયે પ્રશ્નોના ઉતર મળશે.

કુદરત કહી ઉઠશે , 'હા હું જિંદગી છું'

પ્રશ્ન પૂછીએ તો ઉત્તર સુધી જવાય.

માનસિક વિકાસ માટે પ્રશ્ન પૂછવાની સાહજિકતા આવશ્યક છે. એના કુતૂહલને શમાવતો યોગ્ય ઉત્તર ન મળે તો એ મૂંઝાતું રહે.

અર્જુને યુદ્ધ મેદાને પ્રશ્નો જ પૂછ્યા હતા. જો એમ ના કર્યું હોત તો ગીતા આપણા સુધી પહોંચી જ ના હોત.

કોઈ પણ પ્રશ્નનો ઉકેલ મહાભારત અને ગીતા વાંચો તો મળી શકે પણ અમુક ઉત્તરો કુદરત જ આપી જાય છે.

બસ આપણે જ ચાર દીવાલોને સુખ સમજી બેઠાં છીએ.

તો આપણે કુદરતના મિત્ર બનીશું. આપણા પાસે જ આપણી સમસ્યાના ઉત્તર હોય છે.

જિંદગીમાં નિરાશા લાગે તો એક મેસેજ કુદરતને મોકલી જુઓ, તમે પોતે જ પોતાની જિંદગી બદલી શકો છો.

જે જીવન અઘરું લાગે એ આનંદ દાયક જ હોય એમ પણ બને.